સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

ધોવાઈ જાય છે રસ્તા, ભૂવા ને ગાબડાં પડે છે!
થાય બેકાબૂ નેતા, કાયદામાં ગાબડાં પડે છે!
ગાબડાં પડે બહુમતીમાંય મોટી 'ઓફર' થી -
તૂટે સટ્ટાબજાર, સોનાં-ચાંદીમાં ગાબડાં પડે છે !

હાઈકુ

પડે છે હવે -
'એકતા'માં ગાબડાં -
'ગાંધી'-કૉંગ્રેસે...
(સત્ય-સેવાની સંસ્થા)

ગણેશીયાથી -
તંદુરસ્તી દિવાલે
પડયાં ગાબડાં!!
(આરોગ્યની ડંફાંસ દિવાલે)

ચિંતન

સ ન પવસ્ય શં ગવે શં જનાય શમર્વતે ।
શ ગ્વં રાજન્નોષધીમ્ય: ॥

ઉપરોક્ત શ્લોક સામવેદમાંથી લેવામાં આવેલ છે.

મનુષ્યના જીવનમાં આપત્તિઓ, મુશ્કેલીઓ, વિપરીત પરિસ્થિતિઓ અને મુસીબતની પળો આવતી જ રહે છે, સુખ અને દુ:ખ જીવનરથના બે પૈડાં છે. એનાથી કદીય રડવું, ડરવું અને ગભરાવું ના જોઈએ. મુશ્કેલીઓ મનુષ્યને સંઘર્ષ કરવાની શક્તિ આપે છે અને તેની ઉન્નતિ તથા આત્મિક વિકાસમાં મદદરુપ થાય છે.

મુશ્કેલીઓ સામે ઝઝુમતાં વિપરીત પરિસ્થિતિઓને અનુકૂળ કરી લેવાની ક્ષમતા જેમનામાં હોય છે તેઓ જ જીવનસંગ્રામમાં વિજયી મેળવે છે. આવા જ લોકો પોતાનું ભલું કરે છે અને સાથોસાથ બીજાનું પણ ભલું કરવામાં સમર્થ હોય છે.

પરોપકારથી મનુષ્યજીવનની શોભા અને મહિમા વધે છે. સાચા પરોપકારી હંમેશા પ્રસન્નચિત્ત રહે છે. તેઓ બીજાઓનાં કાર્યો કરીને હર્ષની અનુભૂતિ કરે છે, પોતાની અંદર દિવ્ય પ્રકાશનો અનુભવ કરે છે. તેમને જીવનમાં યશ અને સન્માન મળે છે.

સુવિચાર

- યજ્ઞ એટલે બીજા માટે ઘસાવું, ઘસાતું લોહું ને કસાતું શરીર ઊજળું ને સુંવાળું રહે છે - **રવિશંકર મહારાજ**
- જો તમે જીવતાં ઈશ્વરને નિરંતર સ્મરણમાં રાખ્યો નહિ હોય તો મૃત્યુ વેળાં ઈશ્વરનું સ્મરણ શક્ય નહિ બને - **રમણ મહર્ષિ**
- બધા અક્ષરો મંત્રો છે, છે બધાં મૂળ ઔષધી, છે બધા માનવી યોગ્ય, જાણકાર જ દુર્લભ - **ધર્મલોક**
- આત્મવિશ્વાસ ન હોય ત્યારે મૌન એક ફક્કડ યુક્તિ બની રહે છે - **વિવાન એલેક્સ**
- ગુરુનું મૌન એ વ્યાખ્યાન છે, જેનાથી શિષ્યોના સંશયો છેદાઈ જાય છે - **શંકરાચાર્ય**
- વિપત્તિમાં પડખે ઊભો ન રહે એ મિત્રને જંગલી ઘોડો સમજવો, જંગલી ઘોડા પર સવાર થવાની ઈચ્છા રાખવા કરતાં પગે ચાલી નાખવું સારું - **તિરુવલ્લુવર**
- આજનું ઔષધ : દૂધેલી ચૂર્ણ ૧ ગ્રામ, હળદર ૨ ગ્રામ, જેઠી મધ પાઉડર ૨ ગ્રામ મિક્સ કરી સવાર-સાંજ લેવાથી કફ છૂટો પડે છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

દેશના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદ જયારે પટણા હાઈકોર્ટમાં વકીલાત કરી રહ્યા હતા. તે દિવસોની વાત છે. પીડિતો, વંચિતોનો કાયમ પક્ષ લેતા, અને તેમને ન્યાય અપાવવા માટે પ્રયાસ કરતા.

એક વખત વિખ્યાત સમાજ સુધારક ભવાનીલાલ સંન્યાલનો ભલામણ પત્ર લઈને એક વ્યક્તિ તેમની પાસે ગયો. આ વ્યક્તિને એની કોઈ નજીકની સંબંધી વિધવા મહિલા સાથે સંપત્તિને લઈને વિવાદ ચાલી રહ્યો હતો. તે રાજેન્દ્ર બાબુને પોતાના વકીલ બનાવવા માંગતો હતો. રાજેન્દ્ર બાબુએ તેના કેસમાં દસ્તાવેજો તથા અન્ય પુરાવાઓ જોયા તથા ગંભીર થઈને બોલ્યાં. 'ભાઈ, દસ્તાવેજો જોઈને હું સમજી ગયો છું કે આ સંપત્તિના ખરા માલિક તમે નથી, તે વિધવા મહિલા છે. તમે એટલી ચાલાકીથી કાગળો તૈયાર કરીને લાવ્યા છો કે કાનૂનની દૃષ્ટિએ તમે જ આ સંપત્તિના હકદાર બની શકો છો. મારા સિદ્ધાંત મુજબ હું એક વિધવા મહિલાનો હક્ક છીનવવામાં તમારી જરાય મદદ કરી શકતો નથી. મારું તમને સૂચન છે કે તમે તે વિધવાની હક્કની સંપત્તિ પચાવી પાડવાનો વિચાર છોડી દો. કોઈની ધનસંપત્તિથી વ્યક્તિ કયારેય સુખ-શાંતિ મેળવી શકતો નથી.' રાજેન્દ્ર બાબુની વાણીમાં જે સત્ય અને ન્યાયની શક્તિ હતી તે સાંભળીને પેલા વ્યક્તિનું હૃદય પરિવર્તન થઈ ગયું. તેણે ત્યાં જ ઊભા ઊભા પેલા અદાલતી કાગળોનો નાશ કર્યો.

ભાજપમાં ચૂંટણીલક્ષી ફેરફારો કરાયા

તંત્રીસ્થાનેથી...

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડાની નિમણૂક પછી મોડે મોડે અન્ય હોદ્દેદારોની નામાવલી જાહેર કરાઈ છે. જેમાં પોતપોતાના પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી પક્ષપલટો કરી ભાજપ સાથે જોડાયેલા અગત્યના નેતાઓને સમાવી લેવાયા છે. રામ માધવ જેવા એક સમયના મહત્ત્વના આગેવાનને મહામંત્રીપદથી મુક્ત કરાયા છે તો ભાવનગરનાં સાંસદ ભારતીબેન શિયાળને સીધી જ વસુંધરા રાજેની સમકક્ષ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષની જગ્યા પર નિયુક્ત કરાયાં છે. દરેક રાજયને પ્રતિનિધિત્વ આપવા માટે અસંખ્ય ઉપપ્રમુકો, મહામંત્રીઓ અને મંત્રીઓને શંભુમેળો ભેગો કરાયો છે. તૃણમૂલ કોંગ્રેસ છોડીને ભાજપ સાથે ભળેલ મુકુલ રોય ઘણા સમયથી ભાજપમાં અકળામણ અનુભવી રહ્યા હતા અને બંગાળમાં વિધાનસભાની ચૂંટણી પૂર્વે કંઈ નવા જૂની કરવાની ફિરાકમાં હતા એવા ગુપ્તચર અહેવાલોને પગલે એમને પણ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષનો હોદ્દો બઢાદી દેવાયો છે. જો કે એથી છેલ્લા ચાલીશ વર્ષથી પશ્ચિમ બંગાળમાં સામ્યવાદીઓ અને તૃણમૂલ કોંગ્રેસ જેવા પરિબળો સામે ભાજપનો ઝંડો લઈને ફરનારા રાહુલ સિન્હાને પડતા મુકાયા છે. તેઓ અત્યાર સુધી મહામંત્રી પદ પર હતા. સંઘના લાડકા રામ માધવે તો ચૂપચાપ પાર્ટીએ એક ટર્મ માટે મહામંત્રી તરીકે સેવાઓ આપવાની તક આપી એ બદલ આભાર માની લીધો છે, પંરતુ બંગાળી બાબુએ એમના હૈયે ઊગ્યું તે હોઠે આણી દીધું છે. 'ચાળીસ વર્ષ સુધી સેવા આપનારને તૃણમૂલ કોંગ્રેસના નેતાનો સમાવેશ કરવા હાંસિયે ધકેલાય એથી વધારે કમનસીબ બાબત બીજી શી હોઈ શકે ?' મને પાર્ટીએ જબરો બદલો આપ્યો. પાર્ટીએ મારી સેવાની આવી કદર કર્યા પછી આગળ ઉપર શું કરવું એ હું આગામી ૧૦-૧૨ દિવસમાં નક્કી કરીશ.' ટૂંકમાં આ મહાનુભાવ બરાબરના રિસાયા છે. પાર્ટીને આવા પાયાના કાર્યકરની કદર કરવાની ફિરાક નથી, એવો મેસેજ જાય એ પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી એમને જરૂર ક્યાંક ઠેકાણે પાડશે એવી ધારણા બાંધી શકાય. પશ્ચિમ બંગાળમાંથી મમતા બેનર્જીનું શાસન સમાપ્ત કરવા મોદી કોઈ પણ હદે જઈ શકે છે. તૃણમૂલ કોંગ્રેસના હજી પણ વધુ આગેવાનોને ખેરવી એ વિધાનસભાની ટિકિટો આપી શકે છે. બિહારમાં નીતીશકુમાર તો મજબૂરીને લીધે શરણે આવેલા છે. પરંતુ તેઓ એક સમયે ખુદ મોદીના રાષ્ટ્રીય વિકલ્પ તરીકે ઊપસવા મથતા હતા અને એનડીએના સર્વોચ્ચ નેતા અડવાણીને ઘણા વહાલા લાગતા હતા. મોદી આવા લોકોને વીણી વીણીને સાફ કરવાની ક્રૂર કૂટનીતિ અમલમાં મૂકનારા રાજકારણી છે. ખાટલે મોટી ખોડ એ છે કે બિહારમાં ભાજપના સૌથી સિનિયર નેતા સુશીલકુમાર મોદી છે અને જ્ઞાતિવાદી પરિબળોમાં એમના નામે ચૂંટણી લડવી મુશ્કેલ છે. નીતીશકુમારે વારંવાર સમીકરણો બદલીને પણ મુખ્યમંત્રી પદ પોતાના હસ્તક રાખ્યું છે. શરદ યાદવ જેવા વરિષ્ઠ નેતાએ નીતીશકુમારના ભાજપ સાથેના સમાધાનનો વિરોધ કર્યો ત્યારે એમને જ પાર્ટીમાંથી હાંકી કાઢી નીતીશકુમારે જદ (યુ)ના સર્વેસર્વા તરીકે કમાન સંભાળી હતી. મોદી માટે પક્ષપલકા દ્વારા અથવા રાજીનામાં અપાવી મધ્યપ્રદેશની કતમલનાથના નેતૃત્વવાળા કોંગ્રેસી સરકાર ઊથલાવ્યા પછી એ ખાલી પડેલી વિધાનસભાની બેઠકો જીતવી એ પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે. એથી મધ્યપ્રદેશના ભાજપી અગ્રણી કૈલાસ વિજયવર્ગીયને મહામંત્રીપદે યથાવર રખાયા છે. કોરોના સંક્રમણને કારણે કમલનાથની સરકાર ઊથળાવી ફરી મુખ્યમંત્રી પદે આરૂઢ થયેલા અને 'વ્યાપમ' ગોટાળાના આરોપોથી ઘેરાયેલા શિવરાજસિંહ ચૌહાણને ખાસ્સો લાંબો સમય મળી ગયો હોઈ તેઓ ફરી પાછા મૂળ કોંગ્રેસની બેઠકો કોંગ્રેસને ફાળે ન ચાલી જાય એ માટે વ્યૂહરચના ગોઠવી શક્યા છે. જો ત્યાં ફરીવાર પાતળી બહુમતીવાળી કોંગ્રેસની સરકાર આવી જશે તો શિવરાજસિંહ, 'મહારાજ'ના હુલામણા નામે ઓળખાતા જયોતિરાદિત્ય સિંધિયા અને વડાપ્રધાન મોદી - ત્રણેનું નાક કપાશે તે નક્કી !

કોપીરાઈટ એક્ટની સમજૂતી

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ધ કોપીરાઈટ એક્ટ ૧૯૫૭ એમેડમેન્ટ એક્ટ ૨૦૧૨ દ્વારા કોપીરાઈટ એક્ટનો ભાવિ અમલ કરવામાં આવેલ. આ એક્ટનલ અમલ ૨૧ જાન્યુઆરી ૧૯૫૮ માં મૂકવામાં આવેલ જે પહેલા બ્રિટિશ એમ્પાયરની નીચે કોપોરાઈટીંગ એક્ટ ૧૯૫૭માં સ્વતંત્ર રીતે શરૂ કરવામાં આવેલ પરંતુ, ૧૯૫૭ બાદ સને ૨૦૧૨ માં ભારતમાં સ્પે. એમેડમેન્ટ લાવવામાં આવેલ. ભારત સરકારે કોપીરાઈટ ના કાયદાને Berne Convention of 1986 જે પેરીસના કાયદા ૧૯૭૧ને મોડીફાઈડ કરીને કાયદો બહાર પાડવામાં આવેલ. તેમજ યુનિવર્સલ કોપીરાઈટ કન્વેન્સન એક્ટ ૧૯૫૧ અને ધી રોમ કન્વેન્શન ૧૯૬૨ તથા ટ્રેડ એગ્રીમેન્ટ ને સંબંધીત દરજ્જો આપવામાં આવેલ.

કોપીરાઈટ એક્ટ કાયદામાં ખૂબ જ બહોળા પ્રમાણમાં હક્કો આપવામાં આવ્યા છે. જેમાં શિક્ષણ, સાહિત્ય, નાટક, સંગીત, ગાયન, તથા આર્ટીસ્ટીક વર્ક નો તેના ઉત્પાદનોનો તથા કોઈપણ સર્જકના સર્જનનો આ એક્ટમાં સમાવેશ કરવામાં આવેલ છે. જે મુજબ કોઈપણ સર્જકની પરવાનગી, મંજુરી કે સહમતી સીવાય કોઈપણ સર્જક કે સર્જન ની કૃતી કે સર્જન નો જેમ છે તેમ અગર તો તેમાં આંશીકપણે ફેરફાર કરી મૂળકૃતીને પરિવર્તન કરી ફેરફાર કરીને તેમજ સુધારા વધારા કરીને કોઈપણ વ્યક્તિ આવી કૃતી સર્જન કે પ્રોડક્ટ તેમજ ઉત્પાદન ને પોતાનું ગણાવી તેને વેચાણ કરી નાણાકીય નફો કે રોયલ્ટી મેળવી શકે નહી. જો તેમ કરવામાં કોઈપણ વ્યક્તિ કસૂર કરે, કરાવે તો તેને કોપીરાઈટ એક્ટ ૧૯૫૮ તથા એમેડમેન્ટ ૨૦૧૨ ની કલમ મુજબ સજા તથા દંડ અગર તો બન્ને ના કસુરવાર કોર્ટ દ્વારા ઠરાવી સજા કરવામાં આવે છે.

કોપીરાઈટ એક્ટમાં રી પ્રોડક્શન ઓફ વર્ક એટલે કે પુનઃ એજ વસ્તુનું મૂળસ્વરૂપ માં કે તેમાં આંશીક ફેરફાર કરી રીલોન્ચ કરવા નાણા કમાવવા તેનો ઉપયોગ સર્જકની સંમતી સીવાય કરવો એ ગુનો બને છે.

આજકાલ ફીલ્મ ઈન્ડસ્ટ્રીજમાં કોઈપણ જુના ગીત, સંગીતને નવીન ઢાળમાં મૂકી રીલોન્ચ કરવાનો ટ્રેડ ચાલ્યો છે. જેમાં બધા સામે કોપીરાઈટના ભંગના કેસો થવા પામેલ છે.

કોઈપણ કાર્યના સર્જકને પ્રથમ રકમ કોપીરાઈટનો મળે છે. જે કોપીરાઈટ એક્ટ ૧૯૫૭ મુજબ સર્જકને સર્જનના ઉત્પતિકે જન્મ આપવાથી આપોઆપ મળી જાય છે. તેમજ કામના પ્રકાર તથા કોન્ટ્રાક્ટ ઓફ સર્વિસને અનુરૂપ કોપીરાઈટ એક્ટની વ્યાખ્યામાં પણ ફેરફાર થતો જાય છે. કોઈપણ બે કે તેથી વધારે સર્જકો, લેખકોએ સર્જેલ કૃતી કે સર્જન ને કોપીરાઈટ એક્ટ કલમ-૨(૨) મુજબ તેના રાઈટ મળે છે. જે પાર્ટનર કે સહાયકની સમજૂતી, સહમતી સીવાય આવુ સર્જન કે કૃતી કે લેખ, કથા, પટકથા, ગીત, સંગીત, નાટક નો અન્યને ઉપયોગ કરવા માટે કે આવક રળવા માટે પરવાનગી કોઈ એક સર્જક આપી શકતો નથી. જેને જોઈન્ટ ઓનરશીપ ની વ્યાખ્યામાં કોપીરાઈટ એક્ટ ૧૯૫૮માં મૂળભૂત રીતે સમાવેશ કરવામાં આવ્યો છે.

કોપીરાઈટ એક્ટ ૧૯૫૮ની કલમ-૧૯ મુજબ સર્જક નીકૃતી અથવા સર્જનને લખાણથી કરારથી હસ્તાંતર કરવામાં આવે છે. મૂળસર્જક કે લેખકની સંમતિ સીવાય આવું સર્જન કે કૃતિ તેમજ લેખ હસ્તાંતર કરી શકતું નથી તેજમ તેના માટે કોપીરાઈટ એક્ટ મુજબ સમયમર્યાદા નિશ્ચિત કરવામાં આવે છે. ત્યારબાદ આવી કૃતિ ને ફરી કોપીરાઈટ ના કરવામાં આવે તો

કામના પ્રકાર પ્રમાણે કોપીરાઈટ એક્ટનો અમલ અલગ અલગ દેશોમાં પણ થઈ શકે છે. આજના ઈન્ટરનેટ અને વેબસાઈટ યુગમાં દુનિયા નાની થતી જાય છે અને વિશ્વ એક જ હિલકમાં સમાઈ ગયુ છે. તેવા સંજોગોમાં એક દેશની કૃતી કે સર્જનનો ઉપયોગ અન્ય દેશની માતૃભાષામાં થતો હોય અને મૂળકૃતી કે સર્જનનું કોપીરાઈટ કરેલના હોય તો ઈન્ટરનેશનલ કોપીરાઈટ એક્ટ મુજબ ગુનો સર્જક જ્યાં રહેતો હોય ત્યાં જેણે કોપીરાઈટનો ભંગ કરેલ હોય તેની સામે નોંધાવી શકે છે. કોપી રાઈટ એક્ટ ૧૯૫૭ મુજબ તેને માલિકી હક્ક આપો આપ જ મળી જાય છે. બે દેશના સર્જકો એ અલગ હલગ જગ્યાએથી ભેગા મળી એક જ વિષય ઉપર ઈન્ટરનેટના માધ્યમથી કૃતિ લખાણનું કે ગીત, સંગીત, નાટક, સંવાદનું સર્જન કરેલ હોય તો પણ બન્નેને ઈન્ટરનેશનલ કોપીરાઈટ એક્ટ મુજબ તેનો કાયદાકીય લાભ મળે છે. અને ન્યાય મેળવી શકે છે.

હેન્ટબુક કોપીરાઈટ લૉ ફ્રી લાન્સ કોપીરાઈટ એક્ટ ૨૦૧૬માં નવીન કલમો ઉમેરી એમેડમેન્ટ લાવી સુધારો કરવામાં આવેલ છે. તથા કલમ-૨૧ મુજબ લેખના

અનુસંધાન પાના નં ૭ પર

આપણે તો હસતા રમતા ફરી બેઠા થવાના...

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

'ન કર અટકળ, કર બસ ચળવળ
ન ધર અવઢવ, ઢળ બસ અઢળક
ન ગણ મળતર, કર બસ મસલત
ન ગણ અગવડ, કર બસ સગવડ...'

- હસમુખ રાઠોડ 'અચ્યુત'

'કોરોના'ના આ સમયે આપણને ઘણું બધું શીખવ્યું છે. આપણને આપણી તકલીફો, મુશ્કેલીઓ અને અગવડ ઘણી મોટી લાગતી હોય છે. પરંતુ, ખેતીપ્રધાન એવા ભારત દેશના ખેડૂતોને શી અગવડ છે તેનાથી આપણે હજુ પૂરા વાકેફ પણ નથી! દેશના ગરીબ અને લાચાર નાગરિકોને વસંત વ્યાસની આ વાત અત્યંત વેધક પ્રશ્ન આપણા સૌના મનમાં ઊભો કરી જાય છે :

"હાલો, ઊઠો વારુ કરવા !" અમારી વાતો પૂરી થઈ એટલે લાખાભાઈ બોલ્યા..

"હા ભાઈ, પેટને ભાડું તો દેવું જોવે ને ? બીજા બધા વિના હાલશે, પણ કાંઈ એના વિના થોડું હાલશે ?" આમ મનજીભાઈ બોલતા હતા. ત્યારે, એમનાં ફાટેલાં કપડાં અને વધેલી દાઢી પરથી લાગતું હતું કે ઘણી વસ્તુઓ વિના ચલાવી લેવા તે ટેવાયેલા હશે. બધા ઊઠ્યા. હું લાખાભાઈની જોડે એમને ઘેર ગયો.

પતરાના ઢાંકણાવાળી કાચની શીશીનો નાનકડો દીવો બારસાખ પાસે એવી રીતે મૂકેલો હતો કે તેનો ઝાંખો પ્રકાશ અડધો ઓસરીમાં અને અડધો ઘોલકા જેવા નાનકડા ઘરમાં પડતો હતો.

અમે જમવા બેઠા. ખરબચડા લાકડાના બાજઠ ઉપર જુવારના બે રોટલા ને તાંસળીમાં કંઈક ખીચડી જેવું આવ્યું.

"હમણાં બહુ કામમાં રઈ છઈ એટલે શે'રમાં નથી જવાણું, ને ઘરમાં તેલ થઈ ર્યું છે તી આજ ખીચડીમાં અબગાર નથી," સંકોચભર્યા અવાજે લાખાભાઈ ધીરેથી બોલ્યા.

"એમાં કાંઈ વાંધો નહિ. એ તો ચાલે..."

"તો હલાવો તયેં, લ્યો !" એમનો વિનંતીના રૂપમાં આદેશ મળ્યો ને અમારું ભોજન શરૂ થયું.

ઝાંખા પ્રકાશમાં ખીચડી જેવી જણાતી વસ્તુનો સ્વાદ કંઈક જુદો લાગ્યો,

એટલે મેં પૂછ્યું, "લાખાભાઈ, આ શું છે ?"

"ખીચડી છે, ભાઈ... પણ તમારા જેવી નહિ, જરા જુદી જાતની - અમે ચોખા નથી નાખતા..."

"કેમ નથી નાખતા ?"

"અમારે અગડ છે..." કહીને હસવા માંડયા.

- "અગડ શા માટે ? કાંઈ માનતા રાખી છે ?"

"માનતા-બાનતા તો શું હોય, મારા ભઈ ? પણ ચોખા મળે તો ખાઈને ? બાર મૈનાનાં જારબાજરો પૂરાં નથી થાતાં, ન્યાં ચોખાની ક્યાં વાત ? આ તો વળી મઠ થાય છે એટલી ઉપરવાળાની દયા છે, એનું ધાન કરીને ખાઈ છઈ."

"એ ધાન કેવી રીતે બનાવો ?"

"આ મઠ હાંડલામાં બફાઈ જાય એટલે બે-ત્રણ મૂઠી બાજરાનો લોટ એમાં નાખી દઈ - તે થઈ જાય ખીચડી જેવું !"

બીજે ઘેર અડધું વાળું કરીએ ત્યાં દૂધ પીરસાતું, તેમ કદાચ અહીં આવે એવી કાચી-પાકી ધારણા મનમાં ચાલતી હતી; ત્યાં તો વગરપૂછ્યે લાખાભાઈએ જાતે જ ખુલાસો કર્યો : "ભાઈ, ચોખા તો એક કોર ર્યા - પણ ગામમાં દુઝાણાંય, નથી, તે આ રેખરળતા ઉનાળામાં છોકરાવં છાશેય નથી ભાળતાં"

કેમ, ગામમાં ગાય-ભેંશ નથી ?'

"છે બે'ક જણાને બકરી જેવી ગાયું - એનુંય નો વળતું હોય, ન્યાં આપણને તી ક્યાંથી દ્યે ?"

રોટલા ને ખીચડી'ને ન્યાય આપી, એમના કુટુંબની ને ગામની વાતો. કરતાં ઠીક-ઠીક વખત સુધી બેઠા. પછી, ઘરમાં બીજો ખાટલો નહોતો છતાંયે, એમના અતિ આગ્રહને વશ થઈને મેં ફળિયામાં ખાટલા પર લંબાવ્યું. ઉપર આકાશમાં તારામંડળ ઝગમગી રહ્યું હતું. પણ આજે એમની સાથે હું ગોઠડી ન કરી શક્યો. મારી સામે આ વિસ્તારના બે દિવસના મારા પ્રવાસનાં દૃશ્યો તરવરવા લાગ્યાં...

ગઈ કાલે સવારે પેલા ગામમાં મણિબહેન સાથે વાતચીત થતાં જાણ્યું કે કંઈ કામ ન મળવાથી એમના પતિ અને મોટો દીકરો થોડે દૂરના કસબામાં હાથગાડી ચલાવીને મજૂરી કરે છે; ને એમાંથી પોતાનો ખર્ચ કાઢતાં કંઈ વધે તો થોડુંઘણું ઘેર મોકલે છે. મણિબહેન અહીં દાડિયું રળવા જાય છે ને છોકરાંવને ખવડાવે છે. કહેતાં હતાં કે લૂગડાં લેવા માટે પૈસાનો વેંત ક્યાંય ન થયો, તે ગયા શિયાળામાં ઢાઢ વેઠીને છોકરાં માંદાં પડેલાં...

આજે સવારના ગામે એક બહેનને ત્યાં બાળકો હાથમાં જુવારના રોટલાનાં જાડાં બટકાં લઈને હરતાં ફરતાં ખાતાં હતાં. મેં પૂછ્યું કે, રોજ આમ લૂખા રોટલા જ ખાય છે ? ત્યારે બહેન કહેવા લાગ્યાં : "તમારે પ્રતાપે લગભગ તો હજી લગણ લૂખું નથી ખાતાં. કાં રોટલા ભેગું અડદ-મગનું શાક હોય, ને કાં લહણની ચટણી હોય."

મેં મનોમન કહેલું : "હા બેન, હા - અમારા જેવાને પ્રતાપે ...."

ને અત્યારે આ લાખાભાઈનું ઘર : ચોખાની અગડ, તેલની અગડ, કપડાંની અગડ, દૂધ-ઘીની અગડ, શાકભાજીની અગડ... વળી એવાય વિસ્તારો હશે, જ્યાં કોઈ કોઈ વાર લોકોને અનાજનીયે અગડ રાખવી પડતી હશે !

સ્વતંત્ર ભારતના કરોડો નાગરિકો કઈ સિદ્ધિ માટે આવી અનેક અગડ રાખી રહ્યા છે ? દેશના, દુનિયાના, આવા સહુની અગડ કોણ છોડાવશે ? ક્યારે છોડાવશે ?

- વસંત વ્યાસ

Last Seen :
તોફાન ઝિંદગી ના પાછા ફરી જવાના...
આપણે તો હસતા રમતા ફરી બેઠા થવાના..
તુ જ યોધ્ધો તારી જાતનો,,
હસતા મુખે આ બધુ પાર કરી જવાના...
આ અલ્પ વિરામ,...
આશા, ઉમંગ...સાથે
ઓ.. માનવ આપણે તો
ફરી બેઠા થવાના...
કહો.. 'કોરોના' ને..
શી વિસાત છે!?

- કેતકી જે દેસાઈ

બિહારમાં સત્તા કબજે કરવા આસમાની સુલતાનીના ભાજપી વ્યૂહ

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

દુનિયાભરમાં ભલે આપણે શેખી મારીએ કે લોકશાહી વ્યવસ્થા ભારતવર્ષમાં પહેલાંથી હતી અને અત્યારના બિહારની વૈશાલી સહિતનાં જનપદો અને મહાજનપદો એ લોકશાહી શાસન વ્યવસ્થાનાં કેન્દ્રો હતાં, આજે એ વાતનો દાવો કરવામાં જોખમ છે. અત્યારે તો બાહુબલિ રાજનેતાઓની બોલબાલા હોવા છતાં વર્ષો પહેલાંના યાદવ મુખ્યમંત્રી લાલુ પ્રસાદના કથિત જંગલરાજને સમાપ્ત કરવાના નામે મત માંગવામાં આવે ત્યારે હસવું આવે. પ્રજાના હિતને લગતા મુદ્દાઓને બદલે ચૂંટણીમાં જાણે કે જાહેર મિમિક્રી કાર્યક્રમ યોજીને પ્રચાર કરાતો હોય ત્યારે દોષ કોને દેવો એ કહેવું મુશ્કેલ બને છે. હવે માથે બિહારની વિધાનસભાની ચૂંટણી છે. વર્ષ ૨૦૧૫ની ચૂંટણીમાં પ્રજાએ જે ગઠબંધનને સત્તા સોંપવાનો ચુકાદો આપ્યો હતો એ સાથે મુખ્યમંત્રી નીતીશકુમારે વિશ્વાસઘાત કર્યો અને હવે વર્ષ ૨૦૨૦ની વિધાનસભાની ચૂંટણીમાં નીતીશકુમારને વરરાજા તરીકે આગળ કરીને ચાલનારા ભારતીય જનતા પક્ષના અણવર જ ઘાટ પડે તો વરરાજાની ભૂમિકામાં આવી જાય એવા સંજોગો છે. કોણ કોની સાથે છે અને હતું એ બિહારની રાજકીય પરિસ્થિતિમાં કળાવું મુશ્કેલ છે. હવામાન જોઈને પલટી મારવામાં નિષ્ણાત રામવિલાસ પાસવાન તો કેન્દ્રમાં જે સરકાર હોય એમાં મંત્રીપદ પાકું કરી લેવા માટે જાણીતા છે.એમનો મોરચો પુત્ર ચિરાગ સંભાળે છે. બીજા પૂંછડિયા ખેલાડીઓ પણ એ જ કવાયતમાં છે. કેન્દ્રમાં અત્યારે ભાજપ સત્તામાં છે એટલે એના નેતૃત્વવાળા રાષ્ટ્રીય લોકતાંત્રિક મોરચામાં જોડાઈને સત્તાનો લાભ ખાટવા આતુર થનગનભૂષણો ઓછા નથી. જોકે બિહારમાં લોકનાયક જયપ્રકાશ નારાયણના તમામ ચેલકાઓ આજે નોખા પક્ષોમાં નેતૃત્વ કરનારા રાજનેતાઓ છે. તેઓ ગાંધી- જેપી- લોહિયા-કર્પૂરી ઠાકુર સહિતના મહાનુભાવોનાં નામ ભલે લેતા હોય; એમના આદર્શો અલોપ થઈ ચૂક્યા છે. ચૂંટણી જીતવી અને સત્તા પ્રાપ્ત કરવી એ બે હેતુ જ હવે કેન્દ્રસ્થાને છે. વાતો અને ઘોષણાઓ ભલે ગમે તે થતી હોય, અમલની વાત આવે ત્યારે ઝાઝો ફરક પડતો નથી.

દગાખોર સાથે દગો માફ ગણાય

કોરોનાનો પ્રભાવ હજુ અખંડ હોવા છતાં ચૂંટણી પંચે બિહારમાં વિધાનસભાની મુદત પૂરી થાય એ પહેલાં ત્રણ તબક્કામાં વિધાનસભા ચૂંટણી યોજવાનું નક્કી કરીને ચૂંટણી કાર્યક્રમ જાહેર કર્યો છે. ૨૮ ઓક્ટોબર, ૩ અને ૭ નવેમ્બરે મતદાન થશે. કોરોના પ્રભાવની વિપરિત અસરો મતદાન પર ના થાય એ માટે પૂરતી તકેદારી લેવામાં આવ્યાનું મુખ્ય ચૂંટણી આયુક્ત સુનીલ અરોડાએ ૨૫ સપ્ટેમ્બરે જાહેર કર્યું. આચારસંહિતા અમલી બની. આગામી ૧૦ નવેમ્બરના રોજ મતગણતરીને પગલે ચૂંટણીનાં પરિણામ જાહેર થશે. ઓક્ટોબર – નવેમ્બર ૨૦૧૫માં જનતા દળ (યુ)ના નીતીશકુમાર અને રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી)ના લાલુપ્રસાદની જોડીએ

- **વર્ષ ૨૦૧૫ની ચૂંટણીમાં ખેલ ખાલી ગયો એટલે "પલટૂ ચાચા" નીતીશ સાથે ઘર માંડ્યું હતું**
- **નીતીશકુમારને મુખ્યમંત્રીપદના ઉમેદવાર જાહેર કરીને જીત્યા પછી ત્રાગું કરવાની કવાયત**
- **જેલવાસી લાલુ પ્રસાદના રાજકીય વારસ તેજસ્વી યાદવ કંઈ સાવ ગાંજયા જાય તેવા નથી**
- **જનહિતના મુદ્દાઓને બદલે અભિનેતા સુશાંતસિંહ અને બોલિવુડના વિવાદથી મત અંકે કરાશે**

તરખાટ મચાવ્યો હતો અને સત્તા કબજે કરી. એ વેળા ચારા કૌભાંડમાં સંડોવાયેલા હોવાને કારણે ચૂંટણી લડવા માટે લાયકાત ગુમાવી બેઠેલા અને અત્યારે જેલવાસી લાલુએ નાના પુત્ર તેજસ્વી યાદવને મુખ્યમંત્રી બનાવવાનો દુરાગ્રહ રાખ્યા વિના "ચાચા" નીતીશકુમારને જ મુખ્યમંત્રી બનાવવાની ભૂમિકા લીધી. તેજસ્વીને નાયબ મુખ્યમંત્રી તેમ જ લાલુના મોટા પુત્ર તેજ પ્રતાપને કેબિનેટ મંત્રી બનાવાયા હતા. દોઢેક વર્ષમાં તેજસ્વીનું નામ ગેરરીતિઓના વિવાદમાં આવતાં નીતીશકુમારને બહાનું મળ્યું અને તેમણે પલટી મારીને ભારતીય જનતા પક્ષ સાથે ઘર માંડ્યું. "પલટૂ ચાચા" તરીકે વિરોધીઓમાં ચર્ચિત બનેલા નીતીશકુમાર મુખ્યમંત્રી તો રહ્યા પણ એમના નાયબ મુખ્યમંત્રી તરીકે વિધાનસભામાં વિપક્ષના નેતા એવા ભાજપના સુશીલ કુમાર મોદીએ સ્થાન લીધું. તેજસ્વી વિપક્ષના નેતા બન્યા. હવે મુખ્યમંત્રી નીતીશકુમાર સાથે ભાજપ દગો કરે તો એનો દોષ ભાજપને દેવાય કે માફ ગણાય એ ચર્ચા અત્યારથી શરૂ થઈ ગઈ છે. સાથે જ નીતીશ ફરી પાછા લાલુના પક્ષ સાથે ઘર માંડવાની તૈયારી પણ રાખે તો બહુ આશ્ચર્ય ના પામતા. મહારાષ્ટ્રના ઘટનાક્રમને રાખે ભૂલીએ. ઓછામાં પૂરું, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી રહેલા દેવેન્દ્ર ફડણવીસ અહીં ભાજપના પ્રભારી તરીકે આવ્યા છે.

નરેન્દ્ર મોદીના વ્યક્તિત્વ પર મદાર

બિહારની રાજકીય પરિસ્થિતિ ગમે ત્યારે ગમે તેવા પલટા લેવા માટે જાણીતી છે એટલે આ વખતની ચૂંટણી કેવાં પરિણામ લઈ આવશે એ કહેવાનું અત્યારે અકળ છે. એટલું નિશ્ચિત છે કે આરજેડી અને